ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ભારત 2023 INDIA

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ▪ ભીખાભાઈ ઝ. પટેલ ▪ તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી ▪ વર્ષ : 71 ▪ અંક : 20 ▪ તારીખ : 20, જાન્યુઆરી, 2024 ▪ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ▪ કિંમત રૂ. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

## સહકારી ક્ષેત્રને ગ્રામીણ જીવનનું મજબૂત પાસું બનાવાશેઃ શ્રી નરેન્દ્રભાઈ મોદી

### વિકસિત ભારત યાત્રાનો ધ્યેય વંચિતો સુધી પહોંચવાનો : શ્રી નરેન્દ્રભાઈ મોદી

નવી દિલ્હી : વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, તેમની સરકાર સહકારી ક્ષેત્રને ગ્રામીણ જીવનનું મજબૂત પાસુ બનાવવાની દિશામાં કામ કરી રહી છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રાના લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમમાં તેમણે કહ્યું કે વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ થયે હજુ 50 દિવસ થયાં નથી છતાં પણ તે લાખો ગામોમાં પહોંચી ગઈ છે, આ એક રેકોર્ડ છે. છેલ્લા 10 વર્ષમાં કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓના જીવનમાં જે પરિવર્તન આવ્યું છે તે 'હિંમત, સંતોષ અને સપના'થી ભરેલી ગાથા છે. 10 કરોડ મહિલાઓ સ્વસહાય જૂથોમાં જોડાઈ છે અને બેંકો દ્વારા તેમને 7.5 લાખ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે.

વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્રો કૃષિ, મત્સ્યપાલન, ડેરી અને ખાંડ જેવા ક્ષેત્રોમાં મોટા પાયે ઉત્પાદનમાં વધારો કરી રહ્યા છે. વડાપ્રધાને કહ્યું કે મોદીની ગેરન્ટી વાળું વાહન જ્યાં પણ જઈ રહ્યું છે, ત્યાં તે લોકોનો વિશ્વાસ વધારી રહ્યું છે અને લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરી રહ્યું છે.

યાત્રા શરૂ થયા બાદ 4.5 લાખ નવા લાભાર્થીઓએ ઉજ્જવલા ગેસ કનેક્શન માટે અરજી કરી છે. યાત્રા દરમિયાન સ્થળ પર 1 કરોડ આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા છે. પ્રથમ વખત દેશભરમાં લગભગ 1.25 કરોડ લોકોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું છે. 70 લાખ લોકોના ટીબી સંબંધિત પરીક્ષણ પૂર્ણ કરવામાં આવ્યા છે. 15 લાખ લોકોને સિકલ સેલ એનિમિયા હોવાનું નિદાન થયું છે. આયુષ્માન ભારત કાર્ડની સાથે સાથે એબીએચએ કાર્ડ પણ ઝડપથી બની રહ્યા છે.



### મુખ્યમંત્રી નિવાસસ્થાને ગૂડ ગવર્નન્સ ડે-2023ની ઉજવણી

## ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ થકી જનજન સુધી પહોંચવા સૌનો સહિયારો પ્રયાસ જરૂરી

ગાંધીનગર : મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુખ્યમંત્રી નિવાસ સ્થાન ખાતે પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીજીની જન્મજયંતિ નિમિત્તે ગૂડ ગવર્નન્સ ડે-2023ના આયોજિત કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગૂડ ગવર્નન્સના મંત્રને ચરિતાર્થ કરી ગુજરાત અને દેશને વૈશ્વિક ઓળખ અપાવી છે. તેમના છેલ્લા 20 વર્ષથી વધુના કાર્યકાળમાં આગળ વધી રહેલી વિકાસયાત્રાના પાયામાં જનકલ્યાણ અને સુસાશનની વિશેષ ભૂમિકા છે.

મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું હતું કે, વડાપ્રધાનએ સો ટકા સેચ્યુરેશનથી જનકલ્યાણલક્ષી યોજનાઓ તેના સાચા લાભાર્થી સુધી પહોંચે તે માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ કરાવી છે. આ યાત્રા દરમિયાન લોકો સુધી સરકાર પહોંચે તે હેતુથી લાભાર્થીઓને ઘર આંગણે સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.




રાજ્યના છેવાડાના માનવી સુધી સેવાની સરળ અને ઝડપી ડિલીવરીથી ગૂડ ગવર્નન્સ સાકાર કર્યું છે. બોટમ ટુ ટોપ એપ્રોચ સાથે કામગીરી કરીને રાજ્ય સરકારે સુશાસનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. લોકો માટે લોકો સુધી પહોંચવા માટેના કર્તવ્ય ભાવથી રાજ્ય સરકાર કાર્યરત છે.

મુખ્યમંત્રીએ ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ પર ભાર મૂકતા કહ્યું હતું કે, ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ થકી જનજન સુધી પહોંચવા સૌનો સહિયારો પ્રયાસ જરૂરી છે. તેમણે દરેક અધિકારીઓને સુશાસન માટે પોતાને યોગ્ય લાગે તેવા

અનુસંધાન પાના નંબર : 3

### ભારતની મોટી સિધ્ધિ આદિત્ય એલ-1

## આદિત્ય-એલ1 પૃથ્વીથી 15 લાખ કિમી દૂર લેગ્રેન્જ પોઈન્ટ પર સ્થાપિત

નવી દિલ્હી : ઈસરોએ નવા વર્ષે ઈતિહાસ રચી દીધો છે. આદિત્ય-એલ1 લેગ્રેન્જ પોઈન્ટના હેલો ઓર્બિટમાં દાખલ થયું છે. ભારતના પ્રથમ સોલાર ઓબ્ઝર્વેટરી (સૌર વેધશાળા)નું અંતર પૃથ્વીથી 15 લાખ કિમી છે. 2 સપ્ટેમ્બર 2023માં શરૂ થયેલી આદિત્ય-1ની સફર પૂરી થઈ છે. 400 કરોડનું આ મિશન હવે ભારત સહિત સમગ્ર વિશ્વના ઉપગ્રહોને સોલાર સ્ટોર્મથી સુરક્ષિત કરશે. હવે આદિત્ય-1 સૂર્યનો અભ્યાસ કરી રહેલા નાસાના ચાર ઉપગ્રહના સમૂહમાં જોડાયું છે. આ ઉપગ્રહ વિન્ડ, એડવાન્સ કમ્પોઝિશન એક્સપ્લોર (એસીઈ) ડીપ સ્પેસ ક્લાઈમેટ ઓબ્ઝર્વેટરી રીએસકવર) અને નાસા સંયુક્ત મિશન સોહો એટલે કે,સૌર એન્ડ હેલીઓસ્ફેરિક ઓબ્ઝર્વેટરી છે. આદિત્ય-1 એ સૂર્યનો અભ્યાસ કરવા માટે અવકાશમાં સ્થાપવામાં આવેલી પ્રથમ ભારતીય વેધશાળા છે. ગયા વર્ષે 2 સપ્ટેમ્બરના રોજ ધ્રુવીય સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (પીએસએલવી-સી57) એ આદિત્ય સાથે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ઉડાન ભરી હતી. પીએસએલવીએ તેને 235 થી 19,500 કિમીની ભ્રમણકક્ષામાં સ્થાપિત કર્યું હતું. ત્યારબાદ તબક્કાવાર રીતે ભ્રમણકક્ષામાં ફેરફાર કરીને આદિત્યને પૃથ્વીના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રની બહાર લઈ જવામાં આવ્યો હતો. તેના બાદ ક્રૂઝનો તબક્કો શરૂ થયો અને આદિત્ય 1 તરફ આગળ વધી રહ્યો છે.



આદિત્ય એલ1 એ સૂર્યનો અભ્યાસ કરવાનું મિશન છે. આ સાથે ઈસરોએ તેને પ્રથમ અવકાશ-આધારિત ઓબ્ઝર્વેટરી શ્રેણી ભારતીય સૌર મિશન ગણાવ્યું છે. અવકાશયાનને સૂર્ય-પૃથ્વી પ્રણાલીના લેગ્રેન્જગિયન પોઈન્ટ 1 (એલ1)ની આસપાસ પ્રભામંડળની

અનુસંધાન પાના નંબર : 3

### NCDFI મુખ્યાલયનો કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે શિલાન્યાસ કર્યો

## 'ભારતે આજે વિશ્વ સમક્ષ ડેરી-દૂધ ઉત્પાદન ક્ષેત્રે અનેક બહુઆયામી લક્ષ્ય સિદ્ધ કર્યા છે : શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર : આણંદમાં નિર્માણ પામનારા નેશનલ કો-ઓપરેટિવ ડેરી ફેડરેશન ઑફ ઈન્ડિયા(NCDFI)ના મુખ્યાલયનો કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ગાંધીનગરથી વર્ચ્યુઅલ શિલાન્યાસ કરતા જણાવ્યું હતું કે, ભારતે આજે વિશ્વ સમક્ષ ડેરી અને દૂધ ઉત્પાદન ક્ષેત્રે અનેક બહુઆયામી લક્ષ્ય સિદ્ધ કર્યા છે. સહકારી ડેરી ઉદ્યોગથી માત્ર દૂધ ઉત્પાદક જ નહીં, પરંતુ સમગ્ર સમાજ, ગામ અને કૃષિ ક્ષેત્રને પણ અનેક લાભ મળે છે. તેમણે સહકારી ડેરીના લાભ ગણાવતા કહ્યું કે, દરેક ગામ, દરેક જિલ્લા અને રાજ્યોમાં પણ દૂધ સંઘો કાર્યરત હોવાથી ગામડાંના દૂધ ઉત્પાદકોને દૂધ સંઘ મારફત દૂધના પોષણક્ષમ ભાવ મળે છે, અને તેમનું શોષણ થતું અટકે છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, વર્ષોથી તમામ સહકારી ડેરીઓને યોગ્ય માર્ગદર્શન આપવાનું કામ NCDFI કરે છે. NCDFI હવે આણંદ નજીક આવેલા વઘાસી ગામમાં 7000 ચો.મી. જમીન પર પોતાના નવા કાર્યાલય બનાવવા જઈ રહ્યું છે, જે સૌર ઊર્જા સંચાલિત હશે.

આજે વિશ્વના કુલ દૂધ ઉત્પાદનમાં ભારત 24 ટકા યોગદાન સાથે પ્રથમ છે, અને છેલ્લા 8 વર્ષમાં ભારતના દૂધ ઉત્પાદનમાં 51 ટકાનો માતબર વધારો થયો છે. જેમાં ગુજરાતનું યોગદાન પણ મહત્ત્વપૂર્ણ છે. રાજ્યમાં 1946માં એક ડેરીએ દૂધ ઉત્પાદકોનું શોષણ કર્યું અને પરિણામે એક વિરાટ આંદોલન બાદ શ્વેતક્રાંતિની શરૂઆત થઈ. તે જ સમયે અમૂલ અને રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડનો પણ ઉદય થયો. આજે એ જ અમૂલનું ટર્ન ઓવર 70 હજાર કરોડ છે અને અમૂલ ડેરી રોજનું 40 હજાર લીટર દૂધ પ્રોસેસ કરે છે.

વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ દેશમાં ડિજિટલ ક્રાંતિને આગળ ધપાવવા કેન્દ્રીય સહકાર મંત્રીએ NCDFIને પશુપાલન, દૂધ ઉત્પાદન અને ડેરી ક્ષેત્રે પણ વધુમાં વધુ ઓનલાઈન પેમેન્ટનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. NCDFIના કાર્યાલય ભવનના શિલાન્યાસ પ્રસંગે ડો. મંગલ જીત રાયે સ્વાગત પ્રવચન જ્યારે NCDFIના મેનેજિંગ ડિરેક્ટરશ્રી નિવાસ સજ્જાએ આભાર વિધિ કરી હતી.

આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી, NCUI અને IFFCOના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી, NDDBના ચેરમેન ડૉ. મીનેશ શાહ તથા દેશભરની ડેરી સહકારી મંડળીના વડા, નેશનલ કૉ-ઑપરેટિવ ડેરી ફેડરેશન્સના

અનુસંધાન પાના નંબર : 3




### 37 વિજેતાઓને NCDFI ઈ-માર્કેટ એવોર્ડ્સ એનાયત

ઉપસ્થિત મહાનુભાવો દ્વારા આ કાર્યક્રમ દરમિયાન ઈ-માર્કેટ પ્લેટફોર્મ મારફતે વિવિધ ડેરી ઉત્પાદનો અને કૃષિ ઉપજોનો વેપાર કરનારા અને સેવાઓ પૂરી પાડનારા ડેરી સહકારી મંડળીઓના હિતધારકોના પ્રયાસોને સન્માનિત કરતા NCDFI ઈ-માર્કેટ એવોર્ડ્સ પણ એનાયત કરવામાં આવ્યા હતા. ભારતના 25 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 30 વિજેતા સંગઠનોને આ અન્વયે આ પુરસ્કારો એનાયત કરાયા હતા.

### શ્વેત ક્રાંતિનો સાચો શ્રેય પશુપાલન સાથે જોડાયેલી બહેનોને જાય છે

સહકાર ક્ષેત્રથી માત્ર દૂધના પોષણક્ષમ ભાવ જ નહિ, પરંતુ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો દ્વારા પશુઓની નસલ સુધારા, પશુ આરોગ્ય અને પશુ સારવારની પણ ચિંતા કરવામાં આવે છે. આ સાથે જ કુપોષિત બાળકોને પોષણયુક્ત દૂધ પહોંચાડીને સહકારી ડેરીઓ પોષણ અભિયાનમાં પણ પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. અમદાવાદ જિલ્લા દૂધ સંઘ દ્વારા સગર્ભા માતાઓને લાડુ વિતરણ કરવામાં આવે છે. જેથી તેઓ કુપોષણ મુક્ત બાળકને જન્મ આપી શકે, કેન્દ્રીય સહકાર મંત્રીએ કહ્યું કે, ગુજરાતથી શરૂ થયેલી શ્વેત ક્રાંતિનો સાચો શ્રેય ગામડામાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલી બહેનોને જાય છે, તે સમયે ડેરી અને ડેરી ટેકનોલોજીની કલ્પના પણ નહોતી, એ પ્રકારની ડેરી વ્યવસ્થા અને પરિસ્થિતિનું આજે રાજ્યમાં સર્જન થયું છે.

### આરબીઆઈએ આપેલા 7 ટકાના અંદાજ કરતાં પણ વધારે અંદાજ Nsoએ મૂક્યો

## સરકારે જીડીપી ગ્રોથનો અંદાજ વધારીને 7.3% કર્યો

નવી દિલ્હી : નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO)એ તેનો પ્રથમ અંદાજ આપતા કહ્યું છે કે દેશનો જીડીપી ગ્રોથ ચાલુ નાણાકીય વર્ષ 2023-24માં વધીને 7.3 ટકા રહેશે. ગત વર્ષે ગ્રોથ 7.2 ટકા હતો. ડિસેમ્બર મહિનામાં રિઝર્વ બેન્કે ચાલુ વર્ષ માટે જીડીપી ગ્રોથનો અંદાજ 6.5 ટકાથી વધારીને 7 ટકા કર્યો હતો, જેના કરતાં પણ એનએસઓનો અંદાજ વધારે છે.

મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ગ્રોથ પાંચ ગણો વધીને 6.5 ટકા થવાનો અંદાજ છે જેને કારણે કુલ ગ્રોથમાં નોંધપાત્ર વૃદ્ધિનો અંદાજ મારવામાં આવી રહ્યો છે. મેન્યુફેક્ચરિંગમાં ગત વર્ષે 1.3 ટકા ગ્રોથ જોવાયો હતો. એ જ રીતે માઈનિંગ સેક્ટરમાં ગ્રોથ 8.1 ટકા રહેવાનો અંદાજ છે, જે ગત વર્ષે 4.1 ટકા હતો. ફાઈનાન્શિયલ સર્વિસીઝ, રિયલ એસ્ટેટ અને પ્રોફેશનલ સર્વિસીઝમાં ગ્રોથ 8.9 ટકા રહેવાનો અંદાજ છે, જે ગત વર્ષે 7.1 ટકા હતો.

એનએસઓએ 2023-24 માટે રાષ્ટ્રીય આવકનો પ્રથમ એડવાન્સ અંદાજ રજૂ કરતા કહ્યું હતું કે 'રિયલ જીડીપી 171.79 લાખ કરોડ (2011-12ના ભાવ મુજબ) થવાનો અંદાજ છે. 2022-23ના પ્રોવિઝનલ જીડીપી અંદાજ રૂા. 160.06 લાખ કરોડ હતો.' આ રીતે રિયલ જીડીપી ગ્રોથ 7.3 ટકા રહેવાનો અંદાજ છે, જે ગત વર્ષે 7.2 ટકા હતો.

- ▪ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ગ્રોથ પાંચ ગણો વધીને 6.5% થવાનો અંદાજ
- ▪ નોમિનલ જીડીપી ગ્રોથ ચાલુ વર્ષે 8.9% રહેવાનો અંદાજ છે, જે ગત વર્ષે 16.1% હતો

ચાલુ વર્ષે નોમિનલ જીડીપી (વર્તમાન ભાવ અનુસાર) રૂા. 296.58 લાખ કરોડ થવાનો અંદાજ છે, જે ગત વર્ષે (પ્રોવિઝનલ અંદાજ મુજબ) રૂા. 272.41 લાખ કરોડ હતો. નોમિનલ જીડીપી ગ્રોથ ચાલુ વર્ષે 8.9 ટકા રહેવાનો અંદાજ છે, જે ગત વર્ષે 16.1 ટકા હતો. નાણા મંત્રાલયે નોમિનલ જીડીપી ગ્રોથનો અંદાજ 10.5 ટકા આપ્યો હતો.

કૃષિ ક્ષેત્રે ગ્રોથ માત્ર 1.8 ટકા રહેવાનો અંદાજ છે જે છેલ્લાં આઠ વર્ષમાં સૌથી નીચો રહેશે. હવામાનમાં સતત ફેરફારને કારણે કૃષિ ક્ષેત્રે વિપરીત અસર થઈ છે. ગ્રોશ વેલ્યૂ એડેડ (GVA) ગ્રોથ ચાલુ વર્ષે 6.9 ટકા થવાનો અંદાજ છે, જે ગત વર્ષના 7 ટકા કરતાં સાધારણ ઘટશે. જીવીએમાં પરોક્ષ વેરા (ઈનડાયરેક્ટ ટેક્સ) ઉમેરીને સબસિડી બાદ કરવાથી જીડીપીનો આંકડો મળે છે.

ટ્રેડ, હોટેલ, ટ્રાન્સપોર્ટ, કમ્યૂનિકેશન અને બ્રોડકાસ્ટિંગ સંબંધિત સર્વિસીઝમાં ગ્રોથ ઘટીને 6.3% રહેશે તેવો અંદાજ છે, જે ગત વર્ષે 14% હતો. કન્સ્ટ્રક્શન સેક્ટરમાં પણ 10.7% જેવો ગ્રોથ આ વર્ષે જોવાશે તેમ મનાય છે જે ગત વર્ષે 10% હતો. આ ઉપરાંત માઈનિંગ-ક્વોરિંગ, ફાઈનાન્શિયલ, રિયલ એસ્ટેટ, પ્રોફેશનલ સર્વિસીઝ, પબ્લિક એડમિનિસ્ટ્રેશન, ડિફેન્સ અને અન્ય સર્વિસીઝ સેક્ટરમાં ગત વર્ષની સરખામણીમાં વધારે ગ્રોથનો અંદાજ છે.

# વડોદરા મુકામે એમ્પ્લોઈઝ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ સેમિનાર યોજાયો

વડોદરા : રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના અંતર્ગત નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા-ન્યૂ દિલ્હી અને વડોદરા જિલ્લા સહકારી સંઘના સંયુકત ઉપક્રમે જિલ્લા કક્ષાનો "એમ્પ્લોઈઝ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ સેમિનાર" તારીખ 30/12/2023નાં રોજ વાકળ સમાજ સેવા કેન્દ્ર હોલ, વડોદરા મુકામે યોજાયો હતો. જેમાં સેમિનારના ઉદ્દઘાટકશ્રી ડૉ. રાજેન્દ્રભાઈ સી. ત્રિવેદી એક્ઝિક્યુટિવ ઓફિસર તથા શ્રી શિતલભાઈ પી. ભટ્ટ-આસિ. એક્ઝિક્યુટિવ ઓફિસર, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ, સેમિનારના પ્રમુખશ્રી પ્રવિણભાઈ એમ.પટેલ-અધ્યક્ષ, વડોદરા જિલ્લા સહકારી સંઘ, શ્રી દુષ્યંતસિંહ સી. વાઘેલા-ચીફ એકિઝક્યુટિવ તથા શ્રી હર્ષદભાઈ એમ. શાહ-માનદ મંત્રી-ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. ફેડરેશન, અમદાવાદ, શ્રી રાયજીભાઈ એમ.પટેલ-ચેરમેનશ્રી ધી બરોડા ડિસ્ટ્રિકટ કો-ઓપ. ક્રેડિટ સોસાયટી લિ. ફેડરેશન લિ.,શ્રી પ્રતાપરાવ ભોયટે ચેરમેનશ્રી ધી ગવર્મેન્ટ સર્વન્ટ્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ., વડોદરા, શ્રી નિરંજન વી. પટેલ-માનદમંત્રી, શ્રીમતી મનિષાબેન પરીખ-મહિલા સમિતિ ડિરેકટર ગુજરાત રાજ્ય સહકારી સંઘ તથા વડોદરા-છોટાઉદેપુર જિલ્લાના પગારદાર કર્મચારી સહકારી મંડળીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગાનથી કરવામાં આવી હતી અને શાબ્દિક સ્વાગત પ્રવચનમાં શ્રી નિરંજન પટેલે સેમિનારની ટૂંકમાં માહિતી આપી હતી. આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ, શાલ અને મોમેન્ટોથી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ "સહકારે સમૃધ્ધિ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

શ્રી હર્ષદભાઈ શાહે પ્રાસંગિક પ્રવચનમાં સેમિનારના આયોજનનો ઉદ્દેશ જણાવતા મંડળીના સંચાલક મંડળને ટેકનોલોજી અને સોશિયલ મીડિયાના માધ્યમથી સરકારની નવી નીતિ–યોજનાઓ અંગે માહિતી-માર્ગદર્શન ગ્રહન કરી મંડળીમાં તેનો અમલ કરવા ભાર મૂકયો હતો.

શ્રી શિતલભાઈ ભટ્ટે ભારતની સહકારી ચળવળની જાણકારી આપતા જણાવ્યું હતું કે સહકારી પ્રવૃત્તિ સમાજનાં સર્વાંગી વિકાસની એક સાચી ઓળખ છે અને સમાજનાં વિભિન્ન ક્ષેત્રોને વિકાસના પંથે આગળ વધારી લોકોનું જીવનધોરણ ઊંચું લાવવામાં મહત્વનું અંગ હોવાથી સહકારી સંસ્થાઓનાં કર્મચારીઓને તાલીમનાં માધ્યમથી મંડળીઓના વહીવટમાં પ્રોફેશનલાઈઝેશન થકી આત્મનિર્ભર ભારતના સ્વપ્નને




સાકાર કરવા ભાર મૂકયો હતો.

શ્રી દુષ્યંતસિંહ વાઘેલાએ નેશનલ કો-ઓપ. ઓર્ગેનિક લિ., નેશનલ કો-ઓપ. એકસપોર્ટ લિ.,ભારતીય બીજ સહકારી સમિતિ લિ. અને GeM Portal વિ. રાષ્ટ્રીયકક્ષાની સંસ્થાઓની કામગીરીની માહિતી આપી સહકારીથી સમૃધ્ધિ લાવવા હિમાયત કરી હતી.વધુમાં તેઓએ વર્તમાન સમયમાં સહકારી મંડળીઓના પડકારો અને નિવારણની વિગતવાર જાણકારી આપી હતી.

ડો. રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ ભારતમાં વ્યાપેલ સહકારી માળખાનું મહત્વ સમજાવતા જણાવ્યું કે વડોદરા શહેર સર સયાજીગાયકવાડના સમયથી જ સહકારી પ્રવૃત્તિ, શિક્ષણ અને સાંસ્કૃતિક નગરી રહી છે. સહકારી પ્રવૃત્તિ ગરીબ અને શોષિત વ્યકિતઓને રોજગારી આપતું શ્રેષ્ઠ માધ્યમ છે. કોઈપણ સંસ્થામાં વ્યૂહાત્મક સંચાલનના અમલીકરણમાં માનવસંશાધન નિર્ણાયક ભૂમિકા ભજવે છે. વધુમાં તેઓએ સહકારી સંસ્થાઓમાં માનવસંશાધન વિકાસ માટે જિલ્લા સહકારી સંઘની સહકારી શિક્ષણ, તાલીમ અને પ્રચારની કામગીરીની પ્રવૃત્તિને બિરદાવતા મંડળીઓને સમયસર જિલ્લા સંઘમાં શિક્ષણ ફંડ જમા કરાવવા ભાર મૂકયો હતો.

શ્રી પ્રતાપરાવ ભોયટેએ ધી ગવર્મેન્ટ સર્વન્ટ્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ., વડોદરાની વિકાસગાથાની વિગતવાર માહિતી આપી હતી અને વર્તમાન સમયમાં મંડળીના સભાસદોને અપાતા લાભોની જાણકારી આપી હતી. શ્રી રાયજીભાઈ પટેલે સહકારી મંડળીમાં ટી.ડી.એસ અને આવકવેરાને લગતી મહત્વની જોગવાઈઓની વિગતવાર માહિતી આપી હતી.

શ્રી પ્રવિણભાઈ પટેલે જણાવ્યું કે સમાજમાં પ્રજાના સર્વાંગી કલ્યાણ માટે, માનવને સુખ-શાંતિ-સમૃધ્ધિ માટે એક માત્ર વિકલ્પ સહકારી પ્રવૃત્તિ છે તેમજ આજના વૈશ્વિકીકરણ, ગ્લોબલાઈઝેશન, લેટેસ્ટ ટેકનોલોજી અને આર્થિક ઉદારીકરણના પરિપ્રેક્ષ્યમાં સહકારી ક્ષેત્રે સ્પાર્ધાત્મકતા ખૂબ વધી ગઈ છે ત્યારે જિલ્લા સહકારી સંઘ મારફતે આયોજન કરવામાં આવતા સેમિનારોમાં સહકારી મંડળીઓના પ્રતિનિધિશ્રીઓને બહોળી સંખ્યામાં જોડાવા અનુરોધ કર્યો હતો.

સમગ્ર પ્રોગ્રામનું સંચાલન મહિલા સી. ઈ. આઈ., શ્રીમતી મમતાબેન પંડયા અને સી. ઈ. આઈ. શ્રી શિરીષભાઈ પટેલે કર્યું હતું. શ્રીમતી મનિષાબેન પરીખે આભારવિધિ કરી હતી.

# દેશમાં પહેલીવાર ઊંટ મિલ્ક ઓર્ગેનિક સર્ટિફિકેટ કચ્છની સરહદ ડેરીને મળ્યું

ભૂજ : ઊંટડીના દૂધને તેના સ્વાસ્થ્ય લાભોને ધ્યાનમાં રાખીને સફેદ સોનું કહેવામાં આવે છે. કચ્છના ચાંદરાણી સ્થિત સરહદ ડેરીના કેટલ ફીડ પ્લાન્ટ ખાતે "રાજસ્થાન રાજ્ય બીજ અને ઓર્ગેનિક સર્ટિફિકેશન (RSSOCA) ના ચીફ સર્ટિફિકેશન ઓફિસર શ્રી રાજેન્દ્ર નૈનાવત દ્વારા રૂબરૂ કેમલ મિલ્ક ઓર્ગેનિક તરીકેનું પ્રમાણિત સર્ટિફિકેટ અમૂલ GCMMFના વાઈસ ચેરમેન તથા સરહદ ડેરીના ચેરમેનશ્રી વલમજીભાઈ હુંબલને આપવામાં આવ્યું. જે સમગ્ર ભારતમાં પ્રથમ વખત કચ્છની સરહદ ડેરીને મળ્યું છે જે સમગ્ર કચ્છ માટે ગૌરવની ક્ષણ ગણી શકાય.

વર્ષ 2013માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ઊંટના દૂધ અને ઊંટ સંવર્ધકોના જીવન ઉત્થાન પર કામ કરવાનું સૂચન કર્યું તેથી સરહદ ડેરીએ ઊંટના દૂધ પર કામ કરવાનું શરૂ કર્યું અને વર્ષ 2017માં ઊંટડીના દૂધનું સંગ્રહ શરૂ કર્યું. 2019માં ભારતનો પ્રથમ ઉંટ મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ

**■ રણના જહાજ તરીકે ઓળખાતા ઊંટોનું નામ દેશમાં ગૂંજ્યું**

લાખોન્દ ખાતે શરૂ કરેલો.સરહદ ડેરીએ 2017થી 1.રાપર ચિલિંગ સેન્ટર 2.નખત્રાણા ચિલિંગ સેન્ટર ખાતે માત્ર 300 લિટર/દિવસ સાથે સંગ્રહ શરૂ કર્યો છે.

સમસ્ત જગતની સામે ઊંટડીના દૂધના ફાયદાઓની ચર્ચા કરવા તથા ઊંટડીના દૂધના ઔષધીય ગુણધર્મો જેમ કે ઊંટડીના દૂધમાં મોટા પ્રમાણમાં ઈન્સ્યુલિન, વિટામિન "સી'' હોવાથી તથા ઓછા ફેટના કારણે ઊંટડીના દૂધનું સેવન કરવાથી બ્લડપ્રેશર, ટી.બી, કેન્સર, પેટના દર્દો માટે ખૂબજ ફાયદાકારક છે.

# એનડીડીબી દ્વારા 15 રાજ્યની 450 શાળાનાં છાત્રોને વિનામૂલ્યે ફ્લેવર્ડ દૂધનું વિતરણ

આણંદ : એનડીડીબીના ચેરમેન ડો.મીનેશ શાહની ઉપસ્થિતિમાં અજરપુરા ગામની શાળામાં એનડીડીબી ફાઉન્ડેશન ફોર ન્યુટ્રીશન હેઠળ ગિફ્ટ 'મિલ્ક પ્રોગ્રામનો પ્રારંભ કરવામાં આવ્યો છે. એનડીડીબી દ્વારા સહાયક કંપનીઓના સહયોગથી સીએસઆર હેઠળ 15 રાજ્યની 450 શાળાના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ફ્લેવર્ડ મિલ્કનું વિતરણ કરવામાં આવે છે.

એનડીડીબીના ચેરમેન ડો.મીનેશ શાહે જણાવ્યું કે, વર્ષ 1964માં તત્કાલિન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી અજરપુરામાં ખેડૂત રમણભાઈ પટેલના ઘરે રોકાણ કર્યુ હતું, ત્યારે અમૂલ મોડેલ આધારિત ડેરી કો-ઓપરેટિવ્સની સમગ્ર દેશમાં સ્થાપના માટે એનડીડીબીની સ્થાપનાનું બીજ રોપાયું હતું. ભારતમાં આવેલી શ્વેતક્રાંતિ અને એનડીડીબી માટે અજરપુરા મહત્વનું સ્થાન ધરાવે છે. વર્ષ 2015-16માં એનડીડીબીની સ્થાપનાના 50 વર્ષની ઉજવણી પ્રસંગે એનડીડીબી ફાઉન્ડેશન ફોર ન્યુટ્રીશનઃ ગિફ્ટમિલ્ક પ્રોગ્રામનો પ્રારંભ

**■ અજરપુરા ગામમાં ગિફ્ટ મિલ્ક પ્રોગ્રામનો પ્રારંભ કરાયો**

કરવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામ હેઠળ 15 રાજ્યની 450 શાળાઓમાં વિદ્યાર્થીઓને વિના મૂલ્યે 200 મિલી ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે. જેનાથી દેશમાં કુપોષણના પ્રશ્નને પણ હલ કરી શકાશે. દૂધ સમતોલ આહાર છે અને દૂધના માધ્યમથી બાળકોના શારિરીક વિકાસ થવા સાથે બૌદ્ધિક વિકાસ પણ સારો થાય છે. જેથી ભાવિ પેઢી સ્વસ્થ અને બુદ્ધિશાળી થઈ શકશે. અમૂલ ડેરીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી અમિત વ્યાસે જણાવ્યું કે, દરરોજ બાળકોને દૂધ આપવાથી સ્વસ્થ અને બુદ્ધિશાળી પેઢી તૈયાર થઈ શકશે.

તત્કાલિન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ રોકાણ કર્યુ હતું તે ખેડૂત રમણભાઈ પટેલના પુત્ર વિજય પટેલે શાળાના બાળકોને દૂધ વિતરણ કરવાના એનડીડીબીના પ્રોગ્રામને બિરદાવ્યો હતો. આ પ્રસંગે અજરપુરા શાળાના દિપ્તીબેન અને ભરતભાઈએ ગિફ્ટમિલ્ક પ્રોગ્રામ અંગે પ્રતિભાવ વ્યક્ત કર્યા હતા. કાજલબેને ગિફ્ટમિલ્ક પ્રોગ્રામ અંગેની જાણકારી આપી હતી.

# રાજકોટ જિલ્લા સહકારી સંઘમાં ધોરાજીના આગેવાન બિનહરીફ ચૂંટાયા

ધોરાજી : રાજકોટ જિલ્લા સહકારી સંઘમાં ધોરાજી બેઠક પરથી સહકારી આગેવાનશ્રી જે. ડી. બાલધા ફરી વખત બિનહરીફ ચૂંટાઈ આવતા સહકારી અગ્રણીઓએ શુભેચ્છા આપી છે. ધોરાજીના સહકારી ક્ષેત્રના અગ્રણી અને ધોરાજી કિસાન ખેતી વિષયક સેવા સહકારી મંડળીના પ્રમુખ જે. ડી. બાલધાએ તાજેતરમાં રાજકોટ જિલ્લા સહકારી સંઘની ચૂંટણીમાં ડિસ્ટ્રિક્ટ બેન્કના ચેરમેન શ્રી જયેશભાઈ રાદડિયા તેમજ સહકારી અગ્રણીઓની હાજરીમાં ધોરાજી સીટ માટે ઉમેદવારીપત્ર રજૂ કર્યું હતું. જેમાં અન્ય કોઈ ઉમેદવારનું ફોર્મ નહીં આવતા તેમને બિનહરીફ વિજેતા જાહેર કરાયા છે. તેઓ ધોરાજી કિસાન ખેતી વિષયક સેવા સહકારી મંડળીમાં વર્ષ 1992થી પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાઈ આવે છે.

રાજકોટ જિલ્લા સહકારી સંઘમાં પણ છેલ્લાં 25 વર્ષથી ધોરાજી સીટના ડિરેક્ટર તરીકે બિનહરીફ થાય છે. જેથી તેમણે સહકારી ક્ષેત્રના તમામ આગેવાનો તેમજ સહકારી મંડળીના પ્રમુખો અને મતદાતાઓનો આભાર માન્યો હતો.

# ઘઉંનું ઉત્પાદન ચાલુ વર્ષે 11.4 કરોડ ટનના રેકોર્ડ સ્તરે પહોંચશે

## ગત સપ્તાહ સુધીમાં 320 .54 લાખ હેક્ટરમાં ઘઉંનું વાવેતર થયું

નવી દિલ્હી : દેશમાં ઘઉંનું ઉત્પાદન ચાલુ નાણાકીય વર્ષ 2023-24માં 11.4 કરોડ ટનના રેકોર્ડ સ્તર પર પહોંચશે તેવો અંદાજ ખાદ્ય મંત્રાલયના ટોચના અધિકારીએ દર્શાવ્યો હતો.

ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ)ના ચેરમેન અને એમડી શ્રી અશોક મીનાએ કહ્યું હતું કે 'આ વર્ષે ઘઉંનાં કુલ વાવેતરનો વિસ્તાર વધશે અને હવામાન સાનુકૂળ રહેશે તો 11.4 કરોડ ટન ઘઉંનું ઉત્પાદન થશે તેવો અંદાજ મંત્રાલયે અમને અનૌપચારીક રીતે આપ્યો છે.'

ઘઉં મુખ્ય રવિ પાક છે જેનું અંતિમ તબક્કાનું વાવેતર ચાલી રહ્યું છે અને આગામી સપ્તાહ સુધી ચાલશે. સત્તાવાર ડેટા મુજબ ગત સપ્તાહ સુધીમાં 320.54 લાખ હેક્ટરમાં ઘઉંનું વાવેતર થયું હતું. ગત પાક વર્ષ (જુલાઈથી જૂન) દરમિયાન ઘઉંનું ઉત્પાદન 11.05 કરોડ ટન થયું હતું અને તેની અગાઉના વર્ષમાં 10.77 કરોડ ટન થયું હતું.

ઘઉંનાં વાવેતરનો વિસ્તાર પણ વધી રહ્યો છે. કેટલાક રાજ્યોમાં ગત વર્ષની સરખામણીમાં 1 ટકા ઓછા વિસ્તારમાં વાવેતર થયું હતું, પરંતુ જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં તે સરભર થઈ જશે.

એફસીઆઈ ઘઉંની ખરીદી વધારવાનું આયોજન કરી રહી છે કે કેમ તેવા સવાલના જવાબમાં એફસીઆઈના વડાએ કહ્યું હતું કે 'અમે તમામ ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવ આપવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરીશું. ઓપન માર્કેટ વેચાણને કારણે એવા સંકેત મળે છે કે ભાવ સ્થિર છે અને ગયા વર્ષ કરતાં વધારે ભાવ નથી.' તેમણે કહ્યું હતું કે લઘુતમ ટેકાના ભાવ (MSP) ગત વર્ષ કરતાં 7 ટકા વધારે હોવાથી આશા છે કે ખાસ્સા એવા ખેડૂતો એફસીઆઈને ઘઉંનું વેચાણ કરશે.

ગયા વર્ષે એફસીઆઈએ 2.62 કરોડ ટન ઘઉંની ખરીદી કરી હતી જે બફર સ્ટોકની જરૂરિયાત 1.84 કરોડ ટન કરતાં વધારે છે. આ વર્ષનો પાક એપ્રિલથી લણવામાં આવશે. એફસીઆઈ ચોખા અને ઘઉં લઘુતમ ટેકાના ભાવે ખરીદવા માટેની સેન્ટ્રલ નોડલ એજન્સી છે. તે આ ખરીદી કરીને દેશભરની રેશનની દુકાનો મારફતે ગરીબોને મફત અનાજ પહોંચાડવા માટે સપ્લાય કરે છે.

# જામનગર મુકામે ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓનો જિલ્લા કક્ષાનો સહકારી સેમિનાર

જામનગર : નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા-ન્યૂ દિલ્હીના આર્થિક સહયોગથી ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના અન્વયે જામનગર જિલ્લા સહકારી સંઘ-જામનગર, શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ., જામનગર તેમજ ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ., અમદાવાદના સંયુકત ઉપક્રમે તારીખ 31/12/2023ના રોજ જામનગર જિલ્લાની ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓના હોદેદારો, ડાયરેકટરો અને મેનેજરો માટેનો એક જિલ્લા કક્ષાનો સહકારી સેમિનાર શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના હોલમાં અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ,શ્રી જામનગર તાલુકા પ્રાથમિક શિક્ષક કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ. અને ગુજરાત રાજ્ય સંયુકત કર્મચારી મોરચાના ચેરમેનશ્રી દિગ્વીજયસિંહજી જાડેજાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ.

સેમિનારની શરૂઆતમાં સ્વાગત પ્રવચન કરતા જામનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી જયંતભાઈ સી.વિરાણીએ જણાવેલ કે ક્રેડિટ સોસાયટીના પ્રશ્નોને વાચા આપવા માટે તેમજ તેમના પ્રશ્નોના નિરાકરણ માટે આ સેમિનાર યોજવામાં આવ્યો છે. વ્યવસ્થાપક સમિતિના સભ્યો તાલિમી હશે તો સંસ્થાનો વિકાસ ખુબજ સારી રીતે થઈ શકશે. આજના બદલાતા યુગમાં તાલિમની સતત જરૂરિયાત છે.

સેમિનારમાં નિષ્ણાંત પ્રવચનકાર તરીકે ઉપસ્થિત ગુજરાત રાજ્ય સહકારી સંઘના ટ્રેઈનિંગ ડાયરેકટર અને પૂર્વ અધિક રજિસ્ટ્રારશ્રી જે.જે.શાહે ક્રેડિટ સોસાયટીઓને લાગુ પડતી સહકારી કાયદાની અગત્યની કલમો અને કાયદામાં થયેલ સુધારાઓની માહિતી આપેલ. આ પ્રસંગે જામનગર જિલ્લા સહકારી સંઘના ડાયરેકટર તેમજ રાજકીય, સામાજિક અને સહકારી ક્ષેત્રના અગ્રણી તેમજ હાલમાં ધી જામનગર ડિસ્ટ્રિકટ કો-ઓપરેટિવ બેન્કમાં બીનહરીફ વરણી પામેલ શ્રી જીતેન્દ્રભાઈ એચ.લાલે(જીતુ લાલ)ખાસ ઉપસ્થિત રહી જણાવેલ કે હરીફાઈના આ યુગમાં પોતાના ગ્રાહકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સુવિધાઓ પ્રદાન કરવી જોઈએ તેમજ મંડળીની શક્તિમાં વધારો કરવા તેમના કર્મચારીઓને તાલીમ દ્વારા વધારે કુશળ બનાવવા બનશે અને સભાસદોને સેવા ઉપલબ્ધ કરાવવી પડશે.

ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા સને 2021/22ના વર્ષમાં સારૂ કામ કરનાર પગારદાર કર્મચારીઓની શિલ્ડ અને પ્રમાણપત્ર હરીફાઈ યોજવામાં આવેલ તેમાં જામનગર જિલ્લામાં પ્રથમ ક્રમે શ્રી જામનગર તાલુકા પ્રાથમિક શિક્ષક કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ., દ્વિતીય ક્રમે શ્રી જામનગર મહાનગર પાલિકા સફાઈ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ. અને તૃતીય ક્રમે શ્રી જામનગર




મ્યુનિસિપલ કોર્પો. એમ્પ્લોઈઝ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ. આવેલ. આ સેમિનારમાં આ ત્રણેય મંડળીઓના ચેરમેનશ્રી અને મેનેજરશ્રીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરી જિલ્લા સંઘ દ્વારા ઉપસ્થિત મહેમાનોને હસ્તે શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ. તેમજ ચાલુ સાલે સારૂ કામ કરનાર શરાફી સહકારી મંડળીઓમાંથી પ્રથમ ક્રમે શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ., દ્વિતીય ક્રમે શ્રી ખોડીયાર ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ., તૃત્તિય ક્રમે શ્રી સરદાર પટેલ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ. અને ચોથા ક્રમે શ્રીમા શારદાદેવી મહિલા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ. આવેલ, જેને જામનગર જિલ્લા સહકારી સંઘ તરફથી શિલ્ડ એનાયત કરવામાં આવેલ તેમજ પ્રમુખશ્રી અને મેનેજરશ્રીઓને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ.

સેમિનારના અધ્યક્ષ સ્થાનેથી બોલતા અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ, શ્રી જામનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લિ. અને ગુજરાત રાજ્ય સંયુકત કર્મચારી મોરચાના ચેરમેનશ્રી દિગ્વીજયસિંહજી જાડેજાએ જણાવેલ કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓ તેના સભાસદો તથા આમ જનતા માટે, કારીગરો, પગારદાર કર્મચારીઓ, નાના ગૃહ ઉદ્યોગો, કુટીર ઉદ્યોગો વગેરેના સામાજિક ઉત્થાનમાં આશીર્વાદરૂપ સાબિત થયેલ છે.

જિલ્લા સહકારી સંઘ દ્વારા આવા સેમિનાર કરવામાં આવે છે તે સરાહનીય છે અને સહકારી સંસ્થાઓએ જિલ્લા સંઘને નિયમિત અને સમયસર શિક્ષણ ફંડ ભરી આપવા અપીલ કરેલ.

આ સેમિનારમાં ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી દુષ્યંતસિંહ વાઘેલા, જિલ્લા સહકારી સંઘ અને શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના હોદેદારો તેમજ ડિરેકટરશ્રીઓ અને જિલ્લાની ક્રેડિટ સોસાયટીઓના ચેરમેનશ્રીઓ, ડાયરેકટરશ્રીઓ તેમજ મેનેજરશ્રીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. સેમિનારના અંતે આભારવિધિ શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી રવિન્દ્રભાઈ દુધાગરાએ કરેલ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી પ્રજ્ઞેશ પી.નાકરાણી અને મહિલા સી.ઈ.આઈ. મંજુલા પ્રજાપતિએ કરેલ તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા સંઘના માનદમંત્રી, સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના ડાયરેકટર અને જામનગર જિલ્લા ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના ચેરમેનશ્રી વશરામભાઈ ચોવટીયાએ જહેમત ઉઠાવેલ.

## ગુજરાતની મહિલાઓમાં ઉદ્યોગ સાહસિક્તા વધી

# સ્ટાર્ટઅપમાં મહિલા ડિરેક્ટર, પાંચ વર્ષમાં પાંચ ગણો વધારો

અમદાવાદ : ગુજરાતમાં કોરોના બાદ સ્ટાર્ટઅપમાં મહિલાઓની ભાગીદારીમાં સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં વર્ષ 2022માં933 સ્ટાર્ટ અપ એવા નોંધાયા છે જ્યાં ઓછામાં ઓછી 1 મહિલા ડિરેક્ટર છે.

**ગુજરાતમાં મહિલા ડિરેક્ટર હોય તેવા વર્ષ દરમિયાન નોંધાયેલા સ્ટાર્ટઅપ**

| વર્ષ | સ્ટાર્ટઅપ |
|---|---|
| 2018 | 199 |
| 2019 | 272 |
| 2020 | 348 |
| 2021 | 766 |
| 2022 | 933 |

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષ 2022માં નોંધાયેલા સૌથી વધુ સ્ટાર્ટઅપમાં મહિલા ડિરેક્ટર હોય તેમાં ગુજરાત પાંચમાં સ્થાને છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ 2383, ઉત્તર પ્રદેશમાં 1293, દિલ્હીમાં 1269, કર્ણાટકમાં 1231 સ્ટાર્ટ અપમાં મહિલા ડિરેક્ટર છે. ડિપાર્ટમેન્ટફોર પ્રમોશન ઓફ એન્ડ ઈન્ટરનલ ટ્રેડ ઈન્ડસ્ટ્રી એન્ડ (ડીપીઆઈઆઈટી) માં 31 ઓક્ટોબર સુધી થયેલી નોંધણી અનુસાર સમગ્ર દેશમાં કુલ 54569 સ્ટાર્ટ અપમાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર છે.

આ પૈકી 6300 સ્ટાર્ટઅપ આઈટી સર્વિસના, 5654 સ્ટાર્ટઅપી હેલ્થકેર-લાઈફ સાયન્સના, 3545 સ્ટાર્ટઅપ શિક્ષણના, 3075 સ્ટાર્ટઅપ ફૂડ-બેવર્જીસના, 2939 સ્ટાર્ટઅપ કૃષિના, 2414 સ્ટાર્ટઅપ કન્સ્ટ્રક્શનના હોવાનું સામે આવ્યું છે.

# 70મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી અંતર્ગત "મહિલા સહકારી સેમિનાર"

ગણદેવી : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ યોજના મુજબ વલસાડ જિલ્લા સહકારી સંઘ દ્વારા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી, કછોલીના સહયોગથી 70મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી અંતર્ગત મહિલાઓ, યુવાનો અને નબળા વર્ગો માટે સહકારી સંસ્થા દિન નિમિત્તે મહિલા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખ સ્થાનેથી શ્રી સુમનભાઈ નાયકે જણાવ્યું કે આપણા દેશમાં વસ્તી વધારાની સાથે શિક્ષિત બેરોજગારીનું પ્રમાણ વધતું જાય છે. બીજી તરફ દેશનું વિશાળ સહકારી ક્ષેત્ર જોવા મળે છે. ત્યારે આજની યુવા પેઢીને સહકારી સંસ્થાઓની વ્યવસ્થા, લાભો,સેવાઓથી માહિતગાર કરી તેમની કારકિર્દી, રોજગારી સર્જન શકિતને ઉજાગર કરવાની ખાસ જરૂર છે. દેશમાં સહકારી દૂધ ઉત્પાદન વિતરણ માળખું,અમૂલ તથા અન્ય ડેરીઓની કામગીરી તેમની પ્રોડકટસ વિગેરે, સહકારી બેન્કિંગ વ્યવસ્થા જેવા ઉદાહરણો આપી સમજ આપી હતી.



મુખ્ય મહેમાન પદેથી કછોલી ગામનાં મહિલા અગ્રણી સહકારી કાર્યકર શ્રીમતિ પ્રફુલાબેન દેસાઈએ જણાવ્યું હતું કે, સહકારી મંડળી સભાસદોને લાભ કે સેવાઓ પૂરા પાડવાની સાથે સાથે એકબીજા પ્રત્યેની સમભાવનાં, એકબીજાને મદદ કરવી,જેવા વિચારો,મૂલ્યો જગાવી સંસ્કારી બનાવે છે. આ પ્રસંગે કછોલા દૂધ ઉ.સ.મંડળીનાં પ્રમુખ, વલસાડ જિલ્લા સહકારી સંઘનાં ડિરેકટર શ્રીમતિ વૈશાલીબેન દેસાઈએ મહિલા દૂધ મંડળીથી ગામનાં ખેડૂતો, મહિલાઓને ઘરઆંગણે રોજગારી, મંડળીથી થતા લાભો વિશેની માહિતી પૂરી પાડી હતી. આ પ્રસંગે સી.ઈ.આઈ. રાજેશ એ. બાગુલએ મહિલા બચત ગ્રૃપની રચનાં કામગીરી તેના ફાયદાઓ અંગે માહિતી આપી હતી. વલસાડ જિલ્લા સહકારી સંઘના ક્લાર્ક કમ એકાઉન્ટન્ટ શ્રી ગીરીશભાઈ પટેલએ બચત ધિરાણ સહકારી મંડળીઓની કામગીરી અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

કાર્યક્રમમાં મંડળીનાં હોદેદારો, સભાસદો 25 ની સંખ્યામાં હાજર રહી ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન મ.સી.ઈ.આઈ. ગીતાબેન જી. પટેલએ કર્યું હતું. આભારવિધિ શ્રી ગીરીશભાઈ જી. પટેલએ કરી હતી.

# વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા નાગરિક સહકારી બેંકો માટે યોજાયેલ શિલ્ડ હરિફાઈ

વડોદરા : ગુજરાત રાજય સહકારી સંઘ, અમદાવાદની શિક્ષણ, તાલીમ અને પ્રચારની કામગીરી અન્વયે વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા સને 2022-23ના વર્ષમાં સારૂ કામ કરનાર "નાગરિક સહકારી બેંકો" માટે યોજાયેલ શિલ્ડ હરીફાઈમાં વિજેતા થયેલ વડોદરા–છોટાઉદેપુર જિલ્લાની બેંકોનો "શિલ્ડ અર્પણ કાર્યક્રમ" વાકળ સેવા કેન્દ્ર (એ.સી. હોલ), સયાજીગંજ, વડોદરા મુકામે તારીખ 04/01/2024નાં રોજ યોજાયો હતો. જેમાં કાર્યક્રમનાં પ્રમુખ શ્રીમતી પિન્કીબેન એન.સોની-મેયર વડોદરા મહાનગરપાલિકા, કાર્યક્રમમાં મુખ્ય મહેમાન શ્રી દિલીપભાઈ જે. પટેલ, ચેરમેન-ધી બરોડા અર્બન કો.ઓ. બેંકસ ફેડરેશન લિ., શ્રી રાજુભાઇ સી. પટેલ-ચરમેન, ધી બરોડા સેન્ટ્રલ કો.ઓપ. બેંક લિ., શ્રી સતીષભાઇ એમ. પટેલ-ડિરેક્ટર–ધી બરોડા સેન્ટ્રલ કો.ઓપ. બેંક લિ., શ્રી નિરંજનભાઇ વી. પટેલ-માનદમંત્રી, શ્રી અમિતભાઇ એન. પટેલ-એક્ઝિકયુટિવ ઓફિસર, વડોદરા જિલ્લા સહકારી સંઘ, શ્રી નરેન્દ્રભાઇ પટેલ-એકિઝકયુટિવ ઓફિસર ધી બરોડા અર્બન કો.ઓ. બેંકસ ફેડરેશન લિ. તથા વડોદરા-છોટાઉદેપુર જિલ્લાની અર્બન બેંકોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગાનથી સંઘના મહિલા સી.ઇ.આઇ. શ્રીમતી મમતાબેન પંડયાએ કરી હતી. આમંત્રિત મહેમાનોનું સ્વાગત પ્રવચન શ્રી નિરંજન પટેલે કર્યુ હતું. આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટોથી સ્વાગત કરવામાં આવ્યું હતું

શ્રીમતી પિન્કીબેન સોનીએ પ્રાસંગિક પ્રવચનમાં "વિના સહકાર નહિ ઉધ્ધાર"ના સૂત્રથી સમાજના નીચલા અને શોષિત વર્ગને આર્થિક રીતે મજબુત કરવા ભાર મૂકયો હતો તેમજ વિજેતા મંડળીઓનાં ઉપસ્થિત કમિટિ સભ્યો અને સ્ટાફગણને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી દિલીપભાઇ પટેલે વર્તમાન બેન્કિંગ હરીફાઇ વાતાવરણમાં નાની અર્બન બેંકોને મર્જ થઇ કાર્યક્ષમતા અને નફાકારતા વધારવા તેમજ અમ્બ્રેલા ગ્રેનાઇઝનની કામગીરીની જાણકારી આપતા અર્બન બેંકોને સભાસદ બની સહકારી સંગઠનને મજબૂત કરવા સુચન કર્યુ હતું.

શ્રી સતીષભાઇ પટેલે વિજેતા અર્બન બેંકોના પ્રતિનિધિઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે સહકારી સંસ્થાની સફળતાનો આધાર કર્મચારીઓની નિષ્ઠા પર છે તેથી તેઓનું આર્થિક લાભોથી પ્રોત્સાહિત કરી મંડળીઓનાં વહીવટમાં પારદર્શિતા લાવવા ભાર મૂકયો હતો તેમજ વિજેતા થયેલ મંડળીઓને રાજકીય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ સફળ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

શ્રી પ્રવિણભાઇ પટેલે સહકાર મંત્રાલય-ભારત સરકારનાં વિઝનની ચર્ચા કરતા જણાવ્યું કે સહકારી પ્રવૃત્તિને ગતીશીલ રાખવા તેમજ કર્મચારીઓને પ્રોત્સાહન મળે તે ઉદ્દેશથી દર વર્ષે આવા કાર્યક્રમનું નિયમિત આયોજન કરવામાં આવે છે. વડોદરા શહેરની પ્રથમ વિજેતા ધી પ્રગતિ સહકારી બેંક લિ., દ્વિતીય વિજેતા ધી મકરપુરા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ કો-ઓ. બેંક લિ.અને તૃત્તિય વિજેતા ધી બરોડા સિટી કો-ઓપરેટિવ બેંક લિ.-વડોદરાને અભિનંદન પાઠવ્યા હતા.

વિજેતા બેંકના પ્રતિનિધિઓએ પોતાના અભિપ્રાયમાં બેંકની વિકાસગાથાની જાણકારી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલા સી.ઇ.આઇ. શ્રીમતી મમતાબેન પંડયાએ કર્યુ હતું. કાર્યક્રમની આભારવિધિ શ્રી નરેન્દ્રભાઇ પટેલે કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.



# દેશના વડાપ્રઘાને ભારત દેશના પાંચ ટ્રિલિયન ડોલર્સની અર્થવ્યવસ્થા અને ટકાઉ વિકાસ લક્ષ્યાંક આપ્યો તેને સિધ્ધ કરવામાં સહકારિતાની ભૂમિકા મહત્વનો ભાગ ભજવી શકે છે

ભાવનગર : ભાવનગર જિલ્લાના સહકારી સંઘ મારફત એન.સી.યુ.આઈ. ની માર્ગદર્શિકા મુજબ સાત દિવસના હેતુલક્ષી વિષયો અંતર્ગત ગુજરાત રાજય સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનના માર્ગદર્શન નીચે રાજયના દરેક જિલ્લા સહકારી સંઘો તરફથી સાત'દિવસના વિષયો ઊપર કાર્યક્રમો યોજાય છે જેમાં ભાવનગર જિલ્લા સંઘના અધ્યક્ષશ્રી જયવંતસિંહજીભાઈ જાડેજાના માર્ગદર્શન નીચે ભાવનગર જિલ્લામાં સાતેય દિવસના વિષય મુજબના હેતુલક્ષી કાર્યક્રમો સંપન્ન થયા.

કાર્યકમનો સમાપન સમારોહ જિલ્લા સહકારી સંઘના માનદમંત્રીશ્રી ગંગારામભાઈ રાજયગુરૂના વડપણ નીચે ભાવનગર ખાતે જિલ્લા સંઘની મહિલા સહકારી સમિતિના ચેરપર્સનશ્રી સવિતાબેન પટેલ, રાજકોટ જિલ્લાના સહકારી અગ્રણી ને ભાવનગર જિલ્લાની શૈક્ષણિક સ્કુલોના ટ્રસ્ટીશ્રી નરેન્દ્રસિંહ જાડેજા, ભાવનગર જિલ્લા કો-ઓપ. કોટન યુનિયનના પ્રમુખશ્રી પ્રેમજીભાઈ બારૈયા, સરદાર પટેલ જિલ્લા ઔધોગિક સહકારી સંઘના પ્રમુખશ્રી બિજલભાઈ બોરીચા, તળાજા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘના પ્રમુખશ્રી મહાવિરસિંહ ગોહિલ, જિલ્લા સંઘના ડાયરેકટર સર્વશ્રી વિરમદેવસિંહ ગોહિલ, શ્રી જાવેદભાઈ દલ, દિહોર સેવા મંડળીના પ્રમુખશ્રી ને જિલ્લા સંઘના ડાયરેકટરશ્રી બાબુભાઈ ધાંધલા તેમજ રાજયના ને જિલાના સહકારી પ્રતિનિધિશ્રીઓની વિશેષ ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

સમાપન સમારોહમાં જિલ્લા સંઘના માનદમંત્રીશ્રી ગંગરામભાઈ ડી.રાજયગુરૂએ પોતાના ઉદબોધનમાં જણાવ્યુ હતું કે, આપણાં જિલ્લાની સહકારી પ્રવૃત્તિ સહકારી શિક્ષણ ને તાલીમ ક્ષેત્રે હર હમેશાં અગ્રેસર રહેલી છે. આપણે સૌએ સાથે મળીને ભારત દેશને પાંચ ટ્રિલિયન ડોલર્સનું અર્થતંત્ર બનાવવામાં અને ટકાઉ વિકાસના લક્ષ્યાંકો સિધ્ધ કરવા સહકારી સંસ્થાઓમાં ટેકનોલોજી અપગ્રેશન માટે સહકારી શિક્ષણ અને તાલીમ ઉપર ધ્યાન દેવું જરૂરી છે.

આ અવસરે રાજય સહકારી સંઘના સી.ઈ.આઈ.શ્રી એચ.બી.ઝાલાએ જણાવ્યું હતું કે, કોઈપણ સહકારી સંસ્થાઓની પ્રાથમિક જરૂરિયાત એટલે સહકારી શિક્ષણ અને તાલીમ છે. સહકારી સંસ્થાઓનો ઉચ્ચ વિકાસ કરવો હોય તો સહકારી શિક્ષણ, તાલીમ ખુબજ મહત્વનું પરિબળ છે. જાન્યુઆરી માસમાં 50ની બેચ સાથે સહકારી સંસ્થાઓના કર્મચારી/હોદ્દેદારો માટે ટેકનિકલ ને સહકારી કોમ્પ્યુટર ક્લાસ કરવાની જાહેરાત કરી હતી અને ભવિષ્યમાં આ શિક્ષણ યોજનાનો લાભ સમગ્ર ભાવનગર જિલ્લાની તમામ સહકારી સંસ્થાઓને મળશે તેવી અપીલ કરી હતી.



**આદિત્ય-એલ1.... પાના નં. 1નું અનુસંધાન**

ભ્રમણકક્ષામાં મૂકવાની યોજના હતી, જે પૃથ્વીથી લગભગ 1.5 મિલિયન કિ.મી. દૂર છે. તે 2 સપ્ટેમ્બર 2023ના રોજ શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવ્યું હતું. ભારતનું આદિત્ય એલ1 મિશન સૂર્યના અદ્રશ્ય કિરણો સૌર વિસ્ફોટોમાંથી મુકત થતી ઊર્જાનું રહસ્ય ઉકેલશે.

લેપ્રેન્જિયન બિંદુઓ અવકાશમાં સ્થાનો છે જ્યાં પદાર્થો વચ્ચે કાર્ય કરતી તમામ ગુરુત્વાકર્ષણ બળો એકબીજાને રદ કરે છે. લેગ્નેન્ગીયન પોઈન્ટમાં એક નાની વસ્તુ બે મોટા શરીર (સૂર્ય અને પૃથ્વી)ના ગુરુત્વાકર્ષણ પ્રભાવ હેઠળ સમતુલામાં રહી શકે છે. આ કારણે એલ1 પોઇન્ટનો ઉપયોગ અવકાશયાનના ટેક ઓફ માટે થઈ શકે છે. એલ1, એલ2, એલ3, એલ4 અને એલ5 તરીકે વ્યાખ્યાયિત અવકાશમાં પાંચ લેપ્રેન્જિયન બિન્દુઓ છે. એલ1, એલ2 અને એલ3 બિંદુઓ સૂર્ય અને પૃથ્વીના કેન્દ્રોને જોડતી રેખા પર આવેલા છે. જ્યારે એલ4 અને એલ5 બિંદુઓ બંને મોટા શરીરના કેન્દ્રો સાથે બે સમબાજુ ત્રિકોણના શિરોબિંદુઓ બનાવે છે.

**જાણો આદિત્યL-1ના 7 પેલૉડ કેવી રીતે મહત્ત્વની જાણકારી આપશે 4 પેલૉડ સૂર્યનો અભ્યાસ કરશે, 3 ફોટોન કણો, ચુંબકીય ક્ષેત્રની જાણકારી મળશે :**

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઇસરો)એ સૂર્યના અધ્યયન માટે આદિત્ય L1 મિશન પૃથ્વીથી પંદર લાખ કિલોમીટર દૂર સૂર્યનો અભ્યાસ કરવા માટેનું પ્રથમ અવકાશ આધારિત વેધશાળા ધરાવતું ભારતીય સૌર મિશન આજે તેના ગંતવ્ય સ્થાન લેન્ગરેન્જ પોઈન્ટે સફળતા પૂર્વક પહોંચી ગયું છે. જે પૃથ્વીથી 15 લાખ કિલોમીટર દૂર આવેલું છે. આ લેન્ગરેજ પોઈન્ટ પર પૃથ્વી અને સૂર્ય બન્નેના ગુરુત્વાકર્ષણ બળ સમાન થતાં હોવાથી આપણું આદિત્ય L1 સૂર્યયાન આ સ્થાન પર નહિવત્ બળતણના ઉપયોગથી સ્થિર રહીને લાંબા સમય સુધી સંશોધન કાર્ય કરી શકશે. પૃથ્વીનું વાતાવરણ તથા ચુંબકીય ક્ષેત્ર એક રક્ષણાત્મક સ્તર હોય સૂર્યના વિવિધ કિરણોત્સર્ગ પૃથ્વી પર પહોંચતા નથી. આદિત્ય L1 મિશન દ્વારા આપણે સૂર્યના ફોટોસ્પિઅર, ક્રોમોસ્ફિયર અને સૂર્યના સૌથી બહારના સ્તર કોરોનાનું અવલોકન, અધ્યયન કરી શકશે. આ અવકાશયાન દ્વારા સૂર્યનો વ્યવસ્થિત અભ્યાસ કરવા માટે આપણે કુલ સાત વૈજ્ઞાનિક ઉપકરણો (પેલોડ) આદિત્ય L1મિશનમાં સામેલ કર્યા છે, જેમાના ચાર ઉપકરણો સૂર્યને સીધા જ જોઈ શકશે જ્યારે બાકીના ત્રણ ઉપકરણો લેન્ગરેન્જ પોઈન્ટ L1 પરના ફોટોન કણો અને ચુંબકીય ક્ષેત્રનો અભ્યાસ કરશે. દેશની વિવિધ ભૌતિક વિજ્ઞાન વિજ્ઞાન સંશોધન પ્રયોગશાળાના સહયોગથી ISRO એ આ પેલોડ તૈયાર કરાવ્યા હતા તેમ વિશુદ્ધાનંદ વિદ્યામંદિરના રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા વિજ્ઞાનના શિક્ષક ડો. દિપક જે. પંડ્યાએ જણાવ્યું હતું.

**(1) VELC (વિઝીબલ એમિશન લાઈન કોરોનાગ્રાફ) :** જે સૂર્યની ગતિવિધિઓનો અભ્યાસ કરનાર ઓનબોર્ડ ઉપકરણ છે . જે સૂર્યના સૌથી બહારના આવરણ 'કોરોના તથા તેના દ્રવ્યમાનનો અભ્યાસ કરશે. આ ઉપકરણ તેમાં રહેલી બહુવિધ ખાંચ દ્વારા સૂર્યમાંથી પરાવર્તિત થતાં કોરોનાગ્રાફ અને કોરોનલ માસ ઈજેક્શનનો અભ્યાસ કરશે. **(2) SUIT સોલાર (અલ્ટ્રાવાયોલેટ ઈમેજિંગ ટેલિસ્કોપ) :** આ યુવી ટેલિસ્કોપ છે, જેના દ્વારા સૂર્યની અંદરના બે સ્તરો ફોટોસ્ફિયર અને ક્રોમોસ્ફિયર તથા બહારના કોરોનાની આસપાસના પારજાંબલી તરંગોની તરંગલંબાઈના વિસ્તાર તથા તેના કિરણોત્સર્ગમા થતાં ફેરફારોનો અભ્યાસ કરશે. **(3) SOLEXS (સોલાર લો એનર્જી X-ray સ્પેક્ટોમીટર) :** આ સૂર્યયાન પરના ઓનબોર્ડ ઉપકરણ દ્વારા સૂર્યના બહારના સ્તર કોરોનામા ઉત્પન્ન થતી નિમ્ન ઉર્જાસ્તરની જ્વાળાઓમાં રહેલા સોફ્ટ X- Ray નો અભ્યાસ કરશે. **(4) HEL1OS (હાઈ એનર્જી L1 ઓર્બિટિંગ X- ray સ્પેક્ટોમીટર) :** આ ઉપકરણ દ્વારા સૂર્યની જ્વાળાઓમાં રહેલા ઊંચી ઉર્જા સ્તરો ધરાવતા X-ray નો અભ્યાસ કરશે. **(5) ASPEX(આદિત્ય સોલાર વિન્ડ પાર્ટીકલ એક્સપેરિમેન્ટ) :** જે સૂર્ય પવનો, ઉર્જાઆયનો અને ઉર્જા સ્તર વિસ્તરણનો અભ્યાસ કરશે. જે બે ઉપકરણોનું બનેલું છે. **(6) PAPA(પ્લાઝમા એનેલાઈઝર પેકેજ ફોર આદિત્ય) :** જે સૂર્ય પવનો, તેનું બંધારણ અને આયનીકરણનો અભ્યાસ કરશે. **(7) MAG (મેગ્નેટોમીટર) :** આ ઉપકરણ હેલો ઓર્બિટ સ્થિત L1 લેન્ગરેન્જ પોઈન્ટ પર નિમ્ન આવૃત્તિ ધરાવતાં આંતરગ્રહીય ચુંબકીય ક્ષેત્રનો અભ્યાસ કરશે.

**'ભારતે આજે વિશ્વ,.... પાના નં. 1નું અનુસંધાન**

પ્રતિનિધિઓ, રાષ્ટ્રીય સ્તરની અન્ય સહકારી મંડળીઓના પ્રતિનિધિઓ, ખેડૂતો-પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

**શ્રી અમિતભાઈ શાહના દિશાદર્શનમાં 'સહકારથી સમૃદ્ધિ'ની દિશામાં વધુ એક પહેલ : CM શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ :**

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નેશનલ કો-ઓપરેટિવ ડેરી ફેડરેશનના આ નવા ભવનના શિલાન્યાસને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્ત્વ અને દેશના પ્રથમ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના દિશાદર્શનમાં 'સહકારથી સમૃદ્ધિ'ની દિશામાં વધુ એક પહેલરૂપ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, વડાપ્રધાનની વિઝનરી લીડરશીપને પરિણામે દેશમાં આઝાદીના દર્શકો બાદ પ્રથમ વાર અલગ સહકારિતા મંત્રાલય શરૂ થયું છે. એટલું જ નહીં, આ મંત્રાલયની જવાબદારી પણ સહકાર ક્ષેત્રના અગ્રણી અને સબળ નેતૃત્વકર્તા શ્રી અમિતભાઈ શાહને સોંપવામાં આવી છે, શ્રી અમિતભાઇના નેતૃત્વ અને કુશાગ્ર માર્ગદર્શનમાં દેશના કો-ઓપરેટિવ સેક્ટરમાં નવા સોપાનો સર થઈ રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, કૃષિ અને પશુપાલન દેશના અર્થતંત્રનો મજબૂત પાયો છે અને દૂધ ઉત્પાદન ક્ષેત્ર તેમાં અગ્રેસર છે, વડાપ્રધાનના નેતૃત્વમાં ભારત વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા ધરાવતું અર્થતંત્ર છે, તેને આપણે ત્રીજા સ્થાને પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું છે. મુખ્યમંત્રીએ NCDFIનું નવું ભવન ખેડૂતો-પશુપાલકોને આત્મનિર્ભર બનાવવા, નવી ટેકનોલોજી અને નવી પદ્ધતિઓની તાલીમ આપવામાં ભવિષ્યનું પ્રવૃત્તિ કેન્દ્ર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

**નવો યુગઃ ભારતની... પાના નં. 4નું અનુસંધાન**

ટકા ઓઈલની આયાત કરે છે.

ભારતે પોતાની ઉર્જા સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઓઈલની આયાતના બાસ્કેટનું વૈવિધ્યીકરણ કર્યુ છે. ભારતે ખર્ચ અસરકારક કે સસ્તો ઓઈલ પુરવઠો પૂરો પાડતા વિકલ્પો પર વધુને વધુ ધ્યાન આપ્યું છે. યુક્રેન યુદ્ધ દરમિયાન ભારતને આ વ્યૂહરચનાનો નોંધપાત્ર ફાયદો મળતા આયાતમાં અબજ ડોલરની બચત કરી શકાઈ હતી.

અહેવાલ મુજબ રૂપિયામાં ચૂકવણીના લીધે નાણાકીય વ્યવહાર વધારે સરળતાથી કરી શકાશે અને ડોલરમાં રૂપાંતરણનો ખર્ચ ઘટશે. ભારતે યુએઈ સાથે જુલાઈમાં રુપી સેટલમેન્ટનો કરાર કર્યો હતો. તેના પરિણામે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (આઈઓસી)એ અબુ ધાબી નેશનલ ઓઈલ કંપની (એડીએનઓસી)ને પ્રતિ બરલ દસ લાખ ડોલર માટે ભારતીય રૂપિયામાં ચૂકવણી કરી છે. ભારતે રશિયાની ઓઈલ આયાતના અમુક હિસ્સાની રૂપિયામાં ચૂકવણી કરી છે.

ઓઈલની આયાતમાં ક્રૂડ પરંપરાગત રીતે યુએસ ડોલરને બાય ડિફોલ્ટ ચલણ માનવામાં આવે છે. તેનું કારણ તેની તરલતા અને નીચો હેજિંગ ખર્ચ છે. પણ રિઝર્વ બેન્કે ભારતની બહાર પણ રૂપિયાના વપરાશને પ્રોત્સાહન આપતા ડઝનેક બેન્કોને રૂપિયામાં ટ્રેડ સેટલ કરવાની મંજૂરી આપી છે.

**ટેકનોલોજીના મહત્તમ.... પાના નં. 1નું અનુસંધાન**

નહિ, પરંતુ સહિયારા ટીમ વર્કથી ઉપજેલા સર્વસંમત નિર્ણયોનો અસરકારક અમલીકરણ કરવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રીએ નવા ઈનિશિએટિવ્ઝ અંતર્ગત પહેલ સીએમ કાર્યાલયની અપડેટ વેબસાઈટ, સ્વાગત ઓનલાઈનની અદ્યતન વેબસાઈટ અને સીએમ ડેશબોર્ડના નવા શરૂ કરાયેલા બે પેરામીટર્સનું લોન્ચિંગ કર્યું હતું.

આ ઉપરાંત સીએમ ડેશબોર્ડને વધુ અસરકારક બનાવવા રિઅલ ટાઈમ પર્ફોમેન્સ મેઝરમેન્ટ સિસ્ટમ 2.0 ટકા ડિપાર્ટમેન્ટ પર્ફોમન્સ એલર્ટ મોનિટરીંગ સિસ્ટમ દાખલ કરાયાં છે.

# ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીમાં લોકર સુવિધા અંગેની માર્ગદર્શક સૂચનાઓ

જા.નં.નસબ/01/ઝ-18/17/2024
રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય,
ગાંધીનગરનું કાર્યાલય, બ્લોક નં-10, પ્રથમ
માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
તા. 3 /01/2024

પરિપત્ર :

## વિષયઃ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીમાં લોકર સુવિધા અંગેની માર્ગદર્શક સૂચનાઓ.

ગુજરાત રાજ્યમાં સહકારી ક્ષેત્ર દિન પ્રતિદિન પ્રગતિ કરી રહેલ છે. રાજ્યમાં વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ અસ્તિત્વમાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં 6,000 ઉપર ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓ રજીસ્ટર્ડ થયેલ છે. ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓ તેમના કાર્ય વિસ્તારમાં સભાસદો પાસેથી ડિપોઝિટ મેળવવી અને સભાસદોને ધિરાણ આપવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે. ક્રેડિટ સોસાયટી ધ્વારા સભાસદોને વિવિધ પ્રકારની સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવતી હોય છે. ઘણી બધી ક્રેડિટ સોસાયટીઓ પોતાના સભાસદો માટે લોકર સુવિધા પણ પૂરી પાડતી હોય છે. રાજ્યમાં આવેલ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓને લોકર સુવિધા માટે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવા માટે વિચારણા હેઠળ હતું. ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓ લોકર સુવિધા સભાસદોને પૂરી પાડતી હોય તેવા કિસ્સામાં નીચે મુજબની પધ્ધતિનો અમલ કરવાનો રહેશે.

**(એ) લોકર એલોટમેન્ટ : (1)** મંડળી ધ્વારા સભાસદોને અરજી મેળવી લોકર પૂરું પાડવાનું રહેશે. જે કિસ્સામાં સોસાયટીની એક કરતા વધુ શાખા હોય અને પ્રત્યેક શાખામાં લોકર સુવિધા ઉપલબ્ધ કરાવવાની હોય તો તેવા કિસ્સામાં જે તે શાખાના સભાસદોને તે જ શાખામાં લોકર સુવિધા પ્રાપ્ત થાય તે મુજબનું આયોજન કરવાનું રહેશે. **(2)** લોકર એલોટમેન્ટ વખતે પારદર્શક પધ્ધતિનો અમલ કરવાનો રહેશે. **(3)** મંડળી પાસે ઉપલબ્ધ તમામ લોકર ફાળવી દીધેલ હોય ત્યાર બાદ સભાસદોના લોકર માટેની અરજી આવે તો તેવા કિસ્સામાં મંડળીએ લોકર અરજી માટેની રજિસ્ટર તારીખ વાર બનાવી અને લોકર ખાલી થયેથી અરજીના ક્રમ પ્રમાણે ફાળવવાનો રહેશે.

**(બી) લોકર એગ્રીમેન્ટ :** મંડળીએ લોકર એલોટમેન્ટ કરતા સમયે સભાસદ સાથે લોકર એગ્રીમેન્ટ કરવાનું રહેશે.લોકર એગ્રીમેન્ટ સ્ટેમ્પ પેપર ઉપર કરી સભાસદ અને મંડળીના જવાબદાર અધિકારીની સહી સાથે તૈયાર કરવાનું રહેશે.

**(સી) લોકરનું ભાડુ :** મંડળીએ જો જુદી જુદી સાઈઝના લોકર હોય તો તેવા કિસ્સામાં લોકરની સાઈઝ પ્રમાણે લોકરનું ભાડુ નિયત કરવાનું રહેશે. મંડળી જો બંધ કરવાની થાય અથવા મંડળીના સ્થળ બદલવાના કિસ્સામાં મંડળીએ જાહેર નોટિસ આપીને સભાસદોને જાણ કરવાની રહેશે અને જે સભાસદો પોતાનું લોકર મંડળી સાથે ચાલુ રાખવા માંગે છે કે બંધ કરવા માંગે છે તેની વિગતો મેળવવાની રહેશે.

**(ડી) લોકર રૂમની સુવિધા :** ■ મંડળી દ્વારા લોકર માટે જે જ્ગ્યાએ રૂમ ફાળવેલ હોય તે જગ્યા કે રૂમની સલામતી જાળવવાની રહેશે. ■ લોકરનો રૂમ વરસાદ, પૂર જેવી પરિસ્થિતિ સામે સલામત રહે તે રીતની વ્યવસ્થા કરવાની રહેશે.લોકર રૂમમાં Fire Extinguisher ની વ્યવસ્થા કરવાની રહેશે. ■ મંડળી દ્વારા લોકર રૂમની સુવિધા માટે કાર્ડની વ્યવસ્થા કરવાની રહેશે. મંડળી ધ્વારા લોકર રૂમના પ્રવેશ માટે નીતિ નિયમો બનાવવાના રહેશે. મંડળી દ્વારા લોકર રૂમ માટે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. અને સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગ મંડળી નિયત કરે તેટલા દિવસ પૂરતું 180 દિવસથી ઓછું ન હોય તે રીતે જાળવવાનું રહેશે.

**(ઈ) લોકર સ્ટાન્ડર્ડ :** મંડળી દ્વારા લગાવવામાં આવતા લોકર સલામત હોય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. લોકર સ્ટાન્ડર્ડ કંપનીના લગાવવાના રહેશે. મંડળી દ્વારા લોકરની ચાવી ઉપર મંડળીનો લોગો લગાવવાનો રહેશે. મંડળી દ્વારા લોકર ધરાવતા સભાસદને લોકરના ઉપયોગ વખતે એક ચાવી મંડળી પાસે પણ હોય તે રીતનું આયોજન કરવાનું રહેશે. મંડળી દ્વારા જે સભાસદને લોકર ફાળવેલ હોય તે જ સભાસદને લોકરના ઉપયોગ માટે રજિસ્ટરમાં નોંધણી કરી ઉપયોગ કરવા દેવાનો રહેશે. મંડળી ધ્વારા લોકર ધારક સભાસદ જ્યારે પણ લોકરના ઉપયોગ માટે મંડળીના સ્થળ ઉપર આવે તે સમયે સભાસદનું નામ, લોકર નંબર અને આવવા અને જવાના સમય સાથે સહીની સુવિધા ધરાવતું રજિસ્ટર જાળવવાનું રહેશે.

ખાલી લોકરની ચાવીઓ બંધ કવરમાં રાખવાની રહેશે. લોકરની માસ્ટર કી મંડળીના મેનેજર તથા અન્ય કોઈ જવાબદાર અધિકારીની સંયુક્ત કસ્ટડીમાં રાખવાની રહેશે.મંડળીએ લોકર વિભાગના તમામ સુવિધા બાબતે લોકર વિભાગના ફાળવેલ સ્ટાફ સિવાયના મંડળીના જવાબદાર અધિકારી અથવા કમિટી મેમ્બર દ્વારા અથવા આ બાબતે નિયત કરેલ કમિટી દ્વારા ત્રિમાસિક ધોરણે ચકાસણી કરવાની રહેશે.

લોકર ધારક લોકરનો ઉપયોગ પૂર્ણ કરી લોકર રૂમમાંથી બહાર નીકળી જાય ત્યાર બાદ લોકર માટે જવાબદાર મંડળીના કર્મચારીએ સંબંધિત લોકર ધારક દ્વારા લોકર બંધ કરેલ છે કે કેમ? તેની ચકાસણી કરવી જોઈએ. જો લોકર બંધ કરેલ ન હોય તો તેવા કિસ્સામાં સંબંધિત જવાબદાર કર્મચારીઓએ લોકર બંધ કરી તેની વિગત રજિસ્ટરમાં નોંધવાની રહેશે.

લોકર માટેના જવાબદાર કર્મચારીએ મંડળીના કામકાજ પૂર્ણ થવાના સમયે લોકર રૂમમાં કોઈપણ લોકર ખુલ્લું રહી ગયુ નથી કે કોઈ વ્યક્તિ અંદર છે કે કેમ ? તેની ચકાસણી બાદ રૂમ બંધ કરવાનો રહેશે.

**(એફ) નોમિનેશન :** મંડળીએ લોકર ધરાવનાર સભાસદને આ લોકર માટે નોમિનેશન નિયુક્ત કરવાના રહેશે. લોકર ધારક દ્વારા નોમિનેશન કરવામાં આવેલ વ્યક્તિના પાસપોર્ટ સાઈઝના ફોટા તથા સરકારશ્રી દ્વારા માન્ય આધાર મેળવવાનો રહેશે. મંડળી દ્વારા લોકર ધારક નોમિનેશન બદલવા માંગતા હોય તેવા કિસ્સામાં જરૂરી અરજી મેળવી મંડળીની મંજૂરીથી નોમિનેશન બદલવાના રહેશે તથા આ અંગેની નોંધ લોકર રજિસ્ટરમાં પણ કરવાની રહેશે.

**(જી) સેટલમેન્ટ ઓફ કલેઈમ્સ :** મંડળીએ લોકર અંગેના સેટલમેન્ટ બાબતે પોલિસી બનાવવાની રહેશે. લોકર ધારકના અવસાનના કિસ્સામાં કે લોકર પરત આપવાના કિસ્સામાં મંડળીએ જે તે લોકરની કસ્ટડી લેતી વખતે લોકરમાં કોઈપણ વસ્તુઓ રહી ગયેલ નથી તેની ચકાસણી કરવાની રહેશે. તે અંગે મંડળી તથા સંબંધિત લોકર ધારક વચ્ચે લેખિત રોજકામ કરવાનું રહેશે.

લોકર ધારકે નોમિનેશન કરેલ ન હોય અને લોકર ધારક મૃત્યુ થાય તેવા કિસ્સામાં મંડળીએ જે તે લોકર ધારકને કાયદેસરના વારસદારોના નિયમો પ્રમાણે ચકાસણી કરી લોકરમાં રહેલ જરૂરી સામાન પરત કરવાનો રહેશે.

ઉક્ત કિસ્સામાં લોકરોના સામાન પરત કરતા સમયે મંડળીએ લોકર ધારકની કાયદેસરના વારસ મંડળીની જવાબદાર કર્મચારી તથા મંડળીના અન્ય બે કર્મચારીની હાજરીમાં આ કાર્યવાહી કરવાની રહેશે. વધુમાં આ કાર્યવાહીની જરૂરી જણાયે વિડીયો ગ્રાફી પણ કરવી જોઈએ,

**(એચ) લોકર બંધ કરવા અથવા રદ કરવા :** લોકર ધારક દ્વારા લોકરની ચાવી ખોવાઈ ગઈ હોય તેવા કિસ્સામાં તેની લેખીત અરજી મેળવી નિયામક મંડળની મંજૂરીથી પંચનામું કરી સંબંધિત લોકર ખોલી આપવાનું રહેશે.

સરકારશ્રી ધ્વારા લેખીત રજુઆત આવ્યેથી જે તે લોકર ધારકને લોકર સક્ષમ અધિકારી તથા મંડળીના જવાબદાર અધિકારીઓની હાજરીમાં ખોલી આપવાનું રહેશે.

મંડળીને એમ જણાય કે લોકર ધારક સહકાર આપતો નથી અથવા શરતો અને બોલીઓ પ્રમાણે કાર્યવાહી કરતો ન હોય તેવા કિસ્સામાં નિયમોનુસારની કાર્યવાહી કરી, ત્યારબાદ નિયામક મંડળની મંજૂરીથી લોકર પરત લઈ શકાશે.

સક્ષમ કોર્ટના આદેશ મુજબ કોઈ લોકર ખોલી આપવા માટે હુકમ કરવામાં આવે તેવા કિસ્સામાં મંડળીના જવાબદાર અધિકારી અને કોર્ટના આદેશનું પાલન કરનાર અધિકારીની હાજરીમાં જે તે લોકર ખોલી આપવાનું રહેશે.તથા લોકરમાં મૂકવામાં આવેલ વસ્તુઓની યાદી બનાવવાની રહેશે. આ બાબતે લોકર ધારકને કરેલ કાર્યવાહીની લેખીતમાં જાણ કરવાની રહેશે.

લોકર ધારક દ્વારા લોકર આપતા સમયે મંડળીની સાથે થયેલ કરાર મુજબના ભાડા અથવા ટર્મ ડિપોઝિટ લોકર ધારક દ્વારા નહીં ચુકવવામાં આવે તેવા કિસ્સામાં મંડળીના નિયામક મંડળની મંજૂરીથી પંચનામું કરી લોકર ખોલી શકાશે અને લોકરમાંથી પ્રાપ્ત થયેલ વસ્તુઓ સંબંધિત લોકર ધારકને પરત કરવાની રહેશે. આ પ્રક્રિયા કરતા પહેલા મંડળીએ લોકર ધારકને જરૂરી લેખીત જાણ કરવાની રહેશે.

લોકર ધારક છેલ્લા 7 વર્ષથી લોકરનો ઉપયોગ કરતો ન હોય અને મંડળીમાં દર્શાવેલ સરનામે કે અન્ય રીતે મળી આવતો ન હોય તેવા કિસ્સામાં ઉપર જણાવ્યા મુજબની વિગતે કાર્યવાહી કરી મંડળી લોકર ખોલી શકાશે.

**(ઓ) મંડળીની જવાબદારી :** મંડળીએ લોકર માટે નિયામક મંડળ તથા વાર્ષિક સાધારણ સભામાં મંજૂર કરવા લોકર પોલિસીનો અમલ કરવાનો રહેશે.

મંડળીએ લોકર અને લોકરમાં રહેલ વસ્તુઓ સલામત રહે તે માટે સલામતીના તમામ પગલાં ભરવાના રહેશે.

મંડળીએ મંડળી પાસે ઉપલબ્ધ તમામ લોકર માટે વીમા પોલિસી કરવાની રહેશે.

લોકર પોલિસી તૈયાર કરી મંડળીએ આ બાબતેની જાણ તમામ સભાસદોને થાય તે હેતુથી મંડળીના મુખ્ય કાર્યાલય તથા શાખાઓ ઉપર નોટિસ બોર્ડ ઉપર મૂકવાની રહેશે.

રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# ભારતને 2027 સુધીમાં દાળના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવાશે

## સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે તુવેર દાળની ખરીદી માટેનું પોર્ટલ લોન્ચ કર્યું

નવી દિલ્હી : સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ભારતને 2027 સુધીમાં દાળના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. ગુરુવારે તુવેર દાળની ખરીદી માટે પોર્ટલ લોન્ચ કર્યું હતું. જેની પર ખેડૂતો નોંધણી કરીને નાફેડ અને એનસીસીએફને લઘુતમ ટેકાના ભાવ અથવા બજાર ભાવે તેમની ખેત પેદાશ વેચી શકશે.

શ્રી શાહે કહ્યું હતું કે, અડદ અને મસૂર દાળનું ઉત્પાદન કરતા ખેડૂતો માટે પણ આવી સુવિધા શરૂ કરવામાં આવશે. આ પ્રસંગે સહકાર મંત્રીએ બહુભાષીય પોર્ટલ દ્વારા તુવેરના વેચાણ પેટે નાફેડ અને એનસીસીએફમાં રજિસ્ટર્ડ 25 ખેડૂતોને લગભગ રૂ.68 લાખ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) દ્વારા ચૂકવ્યા હતા. નેશનલ એગ્રિકલ્ચરલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા (નાફેડ) અને નેશનલ કો-ઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા (એનસીસીએફ) બે કેન્દ્રીય નોડલ એજન્સી છે. તે બફર સ્ટોક જાળવવા સરકાર વતી વિવિધ પ્રકારની દાળની ખરીદી કરે છે. ભાવ જ્યારે એમએસપીની નીચે જાય ત્યારે પણ બંને એજન્સી પ્રાઇસ સપોર્ટ સ્કીમ' હેઠળ દાળ ખરીદે છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, "તુવેરના ખેડૂતો વાવણી પહેલાં નાફેડ અને એનસીસીએફને લઘુતમ ટેકાના ભાવે તેમની પેદાશોનું વેચાણ કરવા પોર્ટલ પર નોંધણી કરાવી શકે. રજિસ્ટ્રેશન કરાવનાર ખેડૂતો પાસે નાફેડ કે એનસીસીએફને અથવા ખુલ્લા બજારમાં વેચાણનો વિકલ્પ રહેશે."



# માત્ર 6 ટકા થી ઓછી નેટ NPA ધરાવતી બેંકો જ ડિવિડન્ડ જારી કરી શકશે

## ડિવિડન્ડ અંગેના ધોરણોને 2005માં સુધારવામાં આવ્યા હતા

મુંબઈ : રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ છ ટકાથી ઓછા નેટ નોન- પર્ફોર્મિંગ એસેટ (એનપીએ) રેશિયો ધરાવતી બેન્કોને ડિવિડન્ડ જાહેર કરવાની મંજૂરી આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. વર્તમાન ધારાધોરણો મુજબ, ડિવિડન્ડ જાહેર કરવા માટે લાયક બનવા માટે બેન્કોએ સાત ટકાનો નેટ એનપીએ રેશિયો હોવો જોઈએ. આ ધોરણોને છેલ્લે વર્ષ 2005માં સુધારવામાં આવ્યા હતા.

હવે રિઝર્વ બેન્કે ડિવિડન્ડ ઘોષણા અંગેના તેના ડ્રાફ્ટ માર્ગદર્શિકામાં આ ગુણોત્તર બદલવાની વાત કરી છે. આરબીઆઈએ જણાવ્યું હતું કે, જે નાણાકીય વર્ષ માટે ડિવિડન્ડ આપવાનો પ્રસ્તાવ છે તે માટે બેંકનો નેટ એનપીએ રેશિયો છ ટકાથી ઓછો હોવો જોઈએ. નાણાકીય સ્થિરતા માટે લાવવામાં આવેલા બેસલ-3 ધોરણોના અમલીકરણ, પ્રોમ્પ્ટ રિમેડિયલ એક્શન (પીસીએ) ફ્રેમવર્કમાં સુધારા અને વિશેષ હેતુઓ માટે અલગ બેંકોની રજૂઆતને ધ્યાનમાં રાખીને ડિવિડન્ડ ઘોષણા સંબંધિત માર્ગદર્શિકાની સમીક્ષા કરવામાં આવી છે. કેન્દ્રીય બેંકે નાણાકીય વર્ષ2024-25થી નવી માર્ગદર્શિકા લાગુ કરવાની દરખાસ્ત કરી છે. આ પ્રસ્તાવ પર 31 જાન્યુઆરી સુધી લોકો પાસેથી સૂચનો માંગવામાં આવ્યા છે.

ડ્રાફ્ટમાં, ડિવિડન્ડની ચુકવણી માટેની દરખાસ્તો પર વિચાર કરતી વખતે બેંકોના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને સૂચનાઓનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે. ડિવિડન્ડની ઘોષણા માટે પાત્ર બનવા માટે, કોમર્શિયલ બેંક પાસે લઘુત્તમ મૂડી પર્યાપ્તતા ગુણોત્તર 11.5 ટકા હોવો આવશ્યક છે. આ ગુણોત્તર નાની ફાઈનાન્સ બેંકો અને પેમેન્ટ બેંકોના કિસ્સામાં 15 ટકા અને સ્થાનિક પ્રાદેશિક બેંકો અને પ્રાદેશિક ગ્રામીણ બેંકો માટે 9 ટકા નક્કી કરવામાં આવ્યો છે. આ દરખાસ્તને હાલના ધોરણોમાં રાહત તરીકે જોઈ શકાય છે.

## સુરેન્દ્રનગર જિલ્લા સહકારી બેન્કની નવનિર્મિત બિલ્ડિંગનું શ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે ઈ-ઉદઘાટન

# જિલ્લા સહકારી બેન્ક દરેક ક્ષેત્રની સહકારી મંડળીઓની એપેક્ષ બેન્ક તરીકે જવાબદારી ઉપાડશે : શ્રી અમિતભાઈ શાહ

સુરેન્દ્રનગર : ગાંધીનગર લોક્સભા ક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે સુરેન્દ્રનગર જિલ્લા કો-ઓપરેટિવ બેંકના નવનિર્મિત આધુનિક ભવનનું વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઈ-લોકાર્પણ કર્યું હતું.

આ તકે સંબોધન કરતાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકાર ક્ષેત્રને અગ્રતા આપી પ્રમોટ કરવાનું કાર્ય આરંભ્યું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકાર ટૂંકા સમયમાં 25 વર્ષ પછીની સહકારી ક્ષેત્રની કલ્પના સાથેની નવી સહકાર નીતિ લઈને આવી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લા સહકારી બેંક આજે ખૂબ મોટા ફલક પર આગળ વધી રહી છે ત્યારે આવનારા દિવસોમાં સુરેન્દ્રનગર જિલ્લામાં દરેક ક્ષેત્રની સહકારી મંડળીઓની એપેક્ષ બેંક તરીકેની જવાબદારી ઉપાડશે તેવો મને વિશ્વાસ છે. 10 કરોડના ખર્ચે તૈયાર થયેલી બેંકના નવીન ભવનમાં સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન, કોર બેન્કિંગની સુવિધા, 100 થી વધુ વ્યક્તિની ક્ષમતા સાથેનો કોન્ફરન્સ હોલ, 1000 થી વધુ લોકર, ઉન્નત ગોલ્ડન લોકર સહિતની સુવિધા ગ્રાહકોની સુગમતા વધારશે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર ગુજરાતમાં વધુ દુષ્કાળ પડતો હોય તેવું ક્ષેત્ર હતું, ખેડૂતો પાસે શાહુકારો સિવાય બીજો વિકલ્પ ન હતો ત્યારે વર્ષ 1960માં સુરેન્દ્રનગર જિલ્લા સહકારી બેંકની સ્થાપના બાદ શાહુકારોનું રાજ સમાપ્ત થવાની શરૂઆત થઈ છે. શ્રી અમિતભાઈ શાહે બેન્કના ચેરમેનશ્રી હરદેવસિંહ પરમારને કુશળ વહીવટ થકી રૂ.71 કરોડની ખાધ ધરાવતી બેન્કને વાર્ષિક રૂ. 7 કરોડનો નફો કરતી કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. સુરેન્દ્રનગર જિલ્લા સહકારી બેંક દ્વારા 28 હજાર ખેડૂતો જેમાં 19 હજાર નાના અને સીમાંત ખેડૂતોનો સમાવેશ થાય છે તેઓને 200 મંડળીઓ થકી લોન આપવાનું કાર્ય થયું છે.



## રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ કરવાની દિશામાં મહત્વનું પગલું

# નવો યુગઃ ભારતની યુએઈને ઓઇલ માટે પ્રથમ વખત રૂપિયામાં ચૂકવણી

નવી દિલ્હી : ભારતની નાણાકીય વ્યવસ્થામાં મોટો ઈતિહાસ રચાયો છે. ભારતે યુએઈને તેના ઓઇલ માટે પહેલી વખત રૂપિયામાં ચૂકવણી કરી છે. આ પગલાંને ભારતના રૂપિયાના વૈશ્વિક ઉપયોગમાં વૃદ્ધિના પગલાની દિશામાં અત્યંત વ્યૂહાત્મક પગલાં તરીકે જોવામાં આવી રહ્યુ છે. વિશ્વમાં ઉર્જાના સૌથી મોટા ત્રીજા વપરાશકાર ભારતનું ધ્યેય અન્ય સપ્લાયરોમાં રૂપિયામાં આંતરરાષ્ટ્રીયકરણનું છે.

જો કે અધિકારીઓનું કહેવું છે કે આ હજી એક પ્રક્રિયા છે અને તે તબક્કાવાર ધોરણે આગળ વધશે. તેમાં સમય લાગી શકે છે. અહેવાલમાં ઉમેરવામાં આવ્યું હતું કે ભારત 85

અનુસંધાન પાના નંબર : 3

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 20-01-2024